## સંક્ષિપ્ત સમાચાર

### નેત્રંગ બજારમાં દશા માતાની મૂર્તિ અને પૂજા સામગ્રીના સ્ટોલ શરૂ


પ્રદીપ ગુર્જર

નેત્રંગ: દશામાના વ્રતને ગણતરીના દિવસો જ બાકી રહ્યા હોવાથી નેત્રંગ નગર સહિત સમગ્ર પંથકમાં ભક્તિભાવનો માહોલ છવાયો છે. આગામી તા.૧૨મીએ અષાઢ અમાસથી દશામાના વ્રતનો પ્રારંભ થશે. જેને પગલે નેત્રંગ બજારમાં માતાજીની મૂર્તિઓ, પૂજાપો, શણગાર અને માટલી ખરીદવા ભક્તોની ભીડ જામી રહી છે. નેત્રંગ તાલુકાનાં ૭૮ ગામો ઉપરાંત વાલિયા, ઝઘડિયા અને નાંદોદ પંથકમાંથી પણ લોકો ખરીદી માટે ઊમટી પડ્યા છે. વેપારીઓના જણાવ્યા મુજબ આ વર્ષે માટીની મૂર્તિઓ અને શણગારની માંગ સારી છે. તહેવારને ધ્યાને રાખી તંત્ર દ્વારા બજારમાં ટ્રાફિક અને સ્વચ્છતાની યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવે તેવી માંગ ઊઠી છે.

### કોસંબામાં બાયો ડીઝલનો જથ્થો ઝડપાયો


ઈબ્રાહીમ કાનુ

હથોડા: કોસંબા પોલીસે મોડી સાંજે બાયો ડીઝલનો વેપલો કરનારના ઘર નજીક રેડ કરી 1800 લીટર જેટલો બાયો ડીઝલનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જોકે, આરોપી હાથમાં આવ્યો ન હતો. પોલીસે મુદ્દામાલ કબજે લઈ ફરિયાદ દાખલ કરી અકબર શેખ સહિત કેટલાક આરોપીને વોન્ટેડ જાહેર કર્યા છે.

### કામરેજની રામકબીર શાળાના વિદ્યાર્થીઓએ અદાણી હજીરા પોર્ટની મુલાકાત લીધી


વિશાલ પટેલ

કામરેજ: ભારતીય વિદ્યામંડળ સંચાલિત રામકબીર માધ્યમિક શાળાના ૫૪ વિદ્યાર્થી, શિક્ષકો ડેલસીબેન પટેલ તથા ઘનશ્યામભાઇ રાઠોડે અદાણી હજીરા પોર્ટ અને અદાણી વિલમર પ્લાન્ટની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. આ દરમિયાન વિદ્યાર્થીઓએ આંતરરાષ્ટ્રીય વેપાર, લોજિસ્ટિક્સ અને ફૂડ પ્રોસેસિંગ ટેક્નોલોજીનું વ્યાવહારિક જ્ઞાન મેળવ્યું હતું. પોર્ટ સંચાલકો તરફથી વિદ્યાર્થીઓને ટી-શર્ટ, કેપ અને ૧/૨ કિલો બેસન ભેટ આપવામાં આવ્યા હતા. સંસ્થાના હોદ્દેદારો અરવિંદભાઈ ભક્ત, પરેશ ભક્ત અને જીજ્ઞેશ ભક્તે આ સફળ આયોજન બદલ આચાર્ય શૈલેષ દેસાઈ, મા.વિ. નિરીક્ષક કમલેશ પટેલ, ઉ.મા. વિ. નિરીક્ષક કેતન દેસાઈ અને શાળા પરિવારને અભિનંદન પાઠવ્યાં હતાં.

### UPL યુનિવર્સિટીનો પ્લેસમેન્ટ રેકોર્ડ

ભરૂચ: ભરૂચ સ્થિત UPL યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેકનોલોજીએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં પ્લેસમેન્ટ વિભાગમાં નોંધાયેલા તમામ ૧૦૦% વિદ્યાર્થીઓને રોજગારી અપાવીને ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. યુનિવર્સિટીએ સતત ૧૧મા વર્ષે આ સફળતા જાળવી રાખી છે. કેમ્પસ ડ્રાઇવ દરમિયાન BE, ડિપ્લોમા એન્જિનિયરિંગ તેમજ B.Sc. અને M.Sc. કેમેસ્ટ્રીના કુલ ૧૪૭ વિદ્યાર્થીને દેશની અગ્રણી કંપનીઓમાં સ્થાન મળ્યું છે, જેમાં સર્વોચ્ચ વાર્ષિક પેકેજ ૩.૮ લાખ નોંધાયું છે. ઉદ્યોગલક્ષી અભ્યાસક્રમ, પ્રાયોગિક શિક્ષણ, ઇન્ટર્નશિપ અને સતત માર્ગદર્શન આ સફળતાનાં મુખ્ય પરિબળો રહ્યાં છે. આ ઉજ્જવળ સિદ્ધિ બદલ યુનિવર્સિટી પરિવારે વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને પ્લેસમેન્ટ ટીમને અભિનંદન પાઠવ્યાં છે.

### જંબુસરના ડાભા ગામે દીપડાનો આતંક



ભરૂચ: જંબુસરના ડાભા ગામના વાડી વિસ્તારમાં મંગળવારે મોડી રાત્રે દીપડાએ પશુપાલક તૌસીફ ઇકબાલનાં પાંચ બકરાંનો શિકાર કર્યો હતો. ઘટના સ્થળેથી દીપડાના પંજાનાં નિશાન મળી આવતાં ગ્રામજનોમાં ભારે દહેશત વ્યાપી ગઈ છે. પોતાના પશુધનની સુરક્ષાને લઈને ચિંતિત સ્થાનિકોએ વન વિભાગ સમક્ષ તાત્કાલિક પાંજરું મૂકી દીપડાને પકડવા, રાત્રિ પેટ્રોલિંગ વધારવા અને સુરક્ષાના યોગ્ય પગલાં ભરવા માંગ કરી છે.

### સોનગઢના આદિવાસી વિસ્તારોને આધુનિક પરિવહનની ભેટ



સોનગઢ: સોનગઢ બસ સ્ટેશન ખાતે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા 'ભગવાન બિરસા મુંડા જનજાતિય ગૌરવ પરિવહન સેવા' અંતર્ગત અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ નવી બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના રાજ્ય કક્ષાના મંત્રી ડો.જયરામભાઈ ગામીતના હસ્તે બસોને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

### બારડોલીની BABS હાઈસ્કૂલનું ઉત્કૃષ્ટ પ્રદર્શન



બારડોલી: કડોદ હાઈસ્કૂલ ખાતે યોજાયેલી SGFI બારડોલી તાલુકા કક્ષાની ખો-ખો સ્પર્ધામાં બી.એ.બી. એસ. હાઈસ્કૂલના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. ભાઈઓ વિભાગમાં શાળાની અંડર-17 ટીમ ચેમ્પિયન, અંડર-19 ટીમ રનર્સઅપ તથા અંડર-14 ટીમ તૃતીય સ્થાને રહી હતી. જ્યારે અંડર-14 બહેનોની ટીમ રનર્સઅપ બની હતી. આ સ્પર્ધામાંથી શાળાના 13 ખેલાડી જિલ્લા કક્ષા માટે પસંદગી પામ્યા છે. આ ઝળહળતી સિદ્ધિ બદલ શાળાનાં આચાર્યા ચેતનાબેન અધેરા, ચેરમેન હસમુખભાઈ પટેલ તથા માનદ મંત્રી વ્યોમ પાઠકે વિજેતા ખેલાડીઓ અને માર્ગદર્શક વ્યાયામ શિક્ષકોને અભિનંદન પાઠવ્યાં હતાં.

### વાગરાના કલમ ગામે પરિણીતાને ત્રાસ આપતાં સાસરિયા સામે ફરિયાદ

ભરૂચ: વાગરાના કલમ ગામે રહેતી ૨૪ વર્ષીય તનુબેન રાઠોડે પતિ પ્રવીણ રાઠોડ અને સાસુ ટીનીબેન સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. અગાઉના ઝઘડાની રીસ રાખી સાસુએ ઉશ્કેરતા પતિએ લાકડાના સપાટાથી પરિણીતાના માથા, હાથ અને પગ પર ગંભીર પ્રહારો કર્યા હતા અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત મહિલાને વાગરા સરકારી હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. પોલીસે મારામારી, ધમકી અને કલેક્ટરના જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# ભરૂચ નગરપાલિકાના વિપક્ષનો મોરચો

**પાલિકાના** હિસાબોમાં પારદર્શિતાના અભાવનો આક્ષેપ, લોકશાહીના મૂળ સિદ્ધાંતોનું હનન




ભરૂચ: ભરૂચ નગરપાલિકાના વર્ષ 2025-26ના વાર્ષિક હિસાબો હવે રાજકીય વિવાદનું કેન્દ્ર બન્યા છે. કોંગ્રેસ પાર્ટીએ પાલિકાના હિસાબોમાં પારદર્શિતાના અભાવનો આક્ષેપ કરીને સત્તાધારી પક્ષ અને પાલિકા તંત્ર સામે મોરચો ખોલ્યો છે, જ્યારે પાલિકા વહીવટી તંત્રે આરોપોને સંપૂર્ણપણે ફગાવી દીધા છે.

કોંગ્રેસના ચુંટાયેલા સભ્યોએ રવિવારે પત્રકાર પરિષદ યોજીને આરોપ લગાવ્યો કે, ગત તા.17 જુલાઈએ યોજાયેલી સામાન્ય સભામાં વાર્ષિક હિસાબો અંગે ચર્ચા અને પુરાવા રજૂ કરવાની તેમની માંગને સત્તાધારી પક્ષે અવગણી હતી. તેમના કહેવા મુજબ શાસક પક્ષના સભ્યોએ હોબાળો મચાવી દેતાં કોઈ ચર્ચા કે મતદાન વિના જ સભા સમાપ્ત કરી દેવામાં આવી હતી.' અમને ચુંટાયેલા સભ્ય તરીકે હિસાબો મેળવવાનો કાયદેસર અધિકાર છે, પરંતુ અમારી પાસેથી લગભગ 70,000ની ફી માંગવામાં આવી રહી છે, જે લોકશાહીના મૂળ સિદ્ધાંતોનું હનન છે,' એમ કોંગ્રેસના એક વરિષ્ઠ સભ્યએ જણાવ્યું. તેમણે ઉમેર્યું કે, આ વસૂલાત ગુજરાત નગરપાલિકા અધિનિયમ-1963ની જોગવાઈઓનું ઉલ્લંઘન છે.

બીજી તરફ ભરૂચ નગરપાલિકાના ચીફ ઓફિસર હરીશ અગ્રવાલે સ્પષ્ટતા કરી હતી કે, કોંગ્રેસના સભ્ય દ્વારા વર્ષ દરમિયાન થયેલાં કામો, ટેન્ડરની નકલ સહિત 40,000થી વધુ પાનાંની માહિતી માંગવામાં આવી હતી. 'આટલી મોટી સંખ્યામાં ઝેરોક્સની નકલો આપવા માટે જે ખર્ચ થાય છે, તે નિયમ મુજબ વસૂલવામાં આવે છે. જો આ ખર્ચ પાલિકા ભોગવે તો જાહેર નાણાં પર બિનજરૂરી બોજ પડશે,' એમ તેમણે જણાવ્યું હતું.

ચીફ ઓફિસરે ભારપૂર્વક કહ્યું કે, તમામ કાર્યવાહી નિયમો અને કાર્યપદ્ધતિ મુજબ જ કરવામાં આવી છે અને કોંગ્રેસના આક્ષેપો નિરાધાર છે. કોંગ્રેસે ચેતવણી આપી છે કે, આગામી સાત દિવસમાં તેમની માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો તેઓ ઉગ્ર આંદોલન અને કાયદાકીય લડત શરૂ કરશે.

પાર્ટીના સ્થાનિક નેતાઓએ કહ્યું, 'અમે અમારા અધિકારો માટે શેરીમાં ઊતરવા પણ તૈયાર છીએ.' હવે આગામી દિવસોમાં પાલિકા કોંગ્રેસની માંગણીઓ પર કોઈ નિર્ણય લે છે કે કેમ, અને સાત દિવસના અલ્ટિમેટમ બાદ કોંગ્રેસ શું રણનીતિ અપનાવે છે, તેના પર રાજકીય વર્તુળોની નજર રહેશે.

# અંકલેશ્વરમાં જુગાર રમતા ૧૩ ઝડપાયા, ૬૦થી વધુ ભાગી ગયા


સુરેશ ગાંધી, પ્રવીણ તેરૈયા

**સ્ટેટ** મોનિટરિંગ સેલના મેગા દરોડા, રૂ.2.80 લાખનો મુદ્દામાલ કબજે

અંકલેશ્વર: રાજ્ય મોનિટરિંગ સેલ ગાંધીનગરની ટીમે અંકલેશ્વર શહેરના ચૌટા નાકા વિસ્તારના તાડ ફળિયામાં ચાલી રહેલા મોટા જુગારધામ પર દરોડો પાડી ૧૩ જુગારીને ઝડપી પાડ્યા હતા. જ્યારે પોલીસની રેઈડ દરમિયાન આશરે ૬૦થી ૭૦ જેટલા જુગારી સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.

પોલીસને મળેલી ચોક્કસ બાતમી મળી હતી કે, અંકલેશ્વરના તાડ ફળીયા વિસ્તારમાં પાલેજના સલીમ ઉર્ફે પાઉચ પુરી સૈયદ, ભરૂચના ઝહીર કમરૂદીન શેખ, સુરતના કાંતિ મોરા તથા અંકલેશ્વરના વિજય દલપતભાઈ વસાવા સહિતના ઈસમો બહારથી લોકોને બોલાવી ગંજીપાનાંનાં પત્તાં વડે અંદર-બહારનો હારજીતનો જુગાર રમાડતા હતા.

પોલીસે છાપરા નીચે ચાલતા જુગાર પર દરોડો પાડતા સ્થળ પરથી ૧૩ આરોપીને ઝડપી લીધા હતા, જ્યારે મોટી સંખ્યામાં લોકો ખુલ્લા વિસ્તારનો લાભ લઈ નાસી છૂટ્યા હતા. રેઈડ દરમિયાન પોલીસે આરોપીઓ પાસેથી અંગજડતીના રૂ.૧,૦૦,૨૦૦, દાવ પરથી રૂ.૫૫,૨૦૦ રોકડા,૧૯ મોબાઈલ ફોન, જુગાર રમવા માટેનું પાથરણું, સ્ટીલની પેટીઓ, ગાદલીઓ, પ્લાસ્ટિકના કોઈન, ગંજીપાના સહિત કુલ રૂ.૨,૮૦,૨૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઝડપાયેલા આરોપીઓમાં સુરત, પાલઘર અને ભરૂચ જિલ્લાના રહેવાસીઓનો સમાવેશ થાય છે. ઉપરાંત જુગારધામને વીજ પુરવઠો આપનાર વ્યક્તિ તથા સ્થળ પરથી નાસી ગયેલા અન્ય આરોપીઓને પણ ગુનામાં વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. આ સમગ્ર કાર્યવાહી સ્ટેટ મોનિટરિંગ સેલની ફરિયાદના આધારે હાથ ધરવામાં આવી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે તેમજ ફરાર આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યાં છે.

# સરકારી કામમાં દખલ કરતાં આમોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ સામે ગુનો

**કેબિનમાં** ઘૂસી તાલુકા વિકાસ અધિકારી સાથે ગેરવર્તન કર્યું હતું



આમોદ, ભરૂચ: આમોદ તાલુકા પંચાયત કચેરીમાં સરકારી કામગીરી દરમિયાન અવરોધ ઊભો કરવા, સરકારી કર્મચારીઓને ધમકી આપવા અને ફરજમાં અડચણ ઉભી કરવાના ગંભીર આક્ષેપ હેઠળ આમોદ પોલીસે કોંગ્રેસના તાલુકા પ્રમુખ નરેન્દ્ર કુમાર ઉર્ફે કાજી રાજેન્દ્રભાઈ પટેલ તેમજ ચિંતન રાજેન્દ્રભાઈ પટેલ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

મળતી માહિતી મુજબ તા.4 ઓગસ્ટ-2026ના રોજ તાલુકા વિકાસ અધિકારી નરેશ લાડુમોર પોતાની ચેમ્બરમાં સરકારી કામગીરી નિભાવી રહ્યા હતા, ત્યારે આ બંને વ્યક્તિઓ ત્યાં આવી પહોંચ્યા હતા. આરોપ છે કે તેમણે અધિકારી સાથે અભદ્ર વર્તન કરીને અપશબ્દોમાં ધમકી આપી હતી, જેના કારણે કચેરીનું કામકાજ ખોરવાયું હતું. આ ઘટનાએ કચેરીના અન્ય કર્મચારીઓમાં પણ ભય અને ચિંતાનો માહોલ સર્જ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. તાલુકા વિકાસ અધિકારીએ આ મામલે આમોદ પોલીસ મથકે લેખિત અરજી આપતાં પોલીસે તાત્કાલિક ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી દીધી છે. પોલીસે હાલમાં તપાસ હાથ ધરી છે અને ઘટનાના રેકોર્ડ તથા સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે. આ સમગ્ર મામલે આમોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરેન્દ્ર પટેલે કડક પ્રતિક્રિયા આપી છે. તેમણે પોલીસ ફરિયાદને 'રાજકીષ્ણ ષડયંત્ર' ગણાવી વિરોધ કર્યો છે. તેમણે જણાવ્યું કે, આ ઘટનાના તેમની પાસે નિર્ણાયક પુરાવા ઉપલબ્ધ છે, જે યોગ્ય સમયે કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવશે. તેમજ તેમણે આ મામલે નિષ્પક્ષ અને પારદર્શક તપાસની માંગ પણ કરી છે.

નોંધનીય છે કે, આ ઘટનાએ આમોદનાં રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચાઓને જન્મ આપ્યો છે. સ્થાનિક અધિકારીઓ અને રાજકીય કાર્યકરો વચ્ચે વધતા જતા તણાવ વચ્ચે આ મામલો આગામી દિવસોમાં વધુ તપાસને પાત્ર બનશે.

## વ્યાવલ અને સરવાળા ગ્રા.પં.માં રેતી કંકર ગ્રાન્ટમાં ગેરરીતિના આક્ષેપ

વ્યારા: નિઝરની વ્યાવલ અને સરવાળા ગ્રુપ ગ્રામ પંચાયતમાં રેતી કંકર ગ્રાન્ટમાં વિકાસનાં કામોમાં મોટાપાયે ગેરરીતિ આચરવામાં આવી હોવાના આક્ષેપો ઊઠ્યા છે. ત્યારે રેતી કંકર ગ્રાન્ટમાં ગામમાં વિકાસનાં કામો કર્યા વિના સરકારી નાણાં ઉપાડી લેવામાં આવ્યાં છે. જેને લઈ સરકારી નાણાંનો દુરુપયોગ થતાં ગામના જાગૃત લોકોમાં ભારે રોષ ફેલાયો છે. ત્યારે આ બાબતે બંને ગામનાં અગ્રણીઓએ તાપી જિલ્લા વિકાસ અધિકારીને આવેદન આપી વર્ષ-2025-26 દરમિયાન રેતી કંકર ગ્રાન્ટમાં ભ્રષ્ટાચાર થયાના આક્ષેપો સાથે તપાસની માંગ કરી છે. આવેદનમાં સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. તેમજ કોઈ પગલાં ન લેવાય તો આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામા આવી છે.

## ભડભુંજા પાસે ખોટી નંબર પ્લેટવાળી કારમાંથી દારૂ પકડાયો

વ્યારા: તાપીમાં નકલી નંબર પ્લેટવાળી કારમાં દારૂની હેરાફેરીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ઉચ્છલ પોલીસે ભડભુંજાના ગાંધીનગર ફળિયામાં બાતમીના આધારે અર્ટિગા કાર નં.(MH 18 BR 2452)નો પીછો કરી કારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે ગાંધીનગર ગામની સીમમાં કાર મૂકીને ભાગી છૂટેલા બુટલેગરને ઝડપી પાડ્યો હતો. જ્યારે કારમાં સવાર અન્ય એક શખ્સ પોલીસને ચકમો આપી ભાગી છૂટ્યો હતો. પોલીસે ભાગી છૂટેલા ઉકાઈના આરોપી કિરણ નામના શખ્સ સહિત અન્ય બે આરોપીને વોન્ટેડ જાહેર કરી પકડાયેલા આરોપી સુરેન્દ્ર ગોપાલ ગામીત (ઉ.વ.30) (રહે.,નિશાળ ફળિયું, તા.સોનગઢ) સામે ગુનો નોંધી 57 હજારથી વધુની કિંમતના દારૂ સહિત 5.58 લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

# વળતર નહીં મળતાં રાણીપુરાની કેમિકલ કંપની સામે ખેડૂતોમાં રોષ

**કેમિકલને** કારણે કેળના પાકને નુકસાન થયું હતું, નાયબ કલેક્ટરને આવેદન



ભરૂચ: ઝઘડિયાના રાણીપુરા ગામે આવેલી કિંજલ કેમિકલ કંપની સામે ખેડૂતોનો કઠિત રોષ ફરી એકવાર સામે આવ્યો છે. કંપની દ્વારા છોડવામાં આવેલા કેમિકલ વેસ્ટથી પાકને થયેલા નુકસાનનું વળતર ન મળતાં ખેડૂતોએ નાયબ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી કડક કાર્યવાહીની માંગ કરી છે. ખેડૂતોએ આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, ગત 7 જુલાઈ, 2026ના રોજ કંપનીમાંથી મોટા પ્રમાણમાં કેમિકલ વેસ્ટ બહાર છૂટ્યો હતો. આ કેમિકલ આસપાસનાં ખેતરોમાં ફેલાતા ઊભા કેળના પાકને ભારે નુકસાન થયું હતું. ઘટનાને એક મહિનો વીતી ગયો હોવા છતાં હજુ સુધી નુકસાનનું વળતર મળ્યું નથી.

ખેડૂત સંજય દેસાઈ સહિત અન્ય ખેડૂતોએ રજૂઆત કરી હતી કે, છેલ્લાં ત્રણ વર્ષથી કંપની દ્વારા કેમિકલ વેસ્ટયુક્ત પાણી ખેતરોમાં છોડવામાં આવે છે. જેથી પાક ઉપરાંત જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતા પર ગંભીર અસર થઈ રહી છે. ગત મહિને થયેલી ઘટનામાં અંદાજે 1500થી 2000 કેળના થડને નુકસાન પહોંચ્યું હોવાનું જણાવાયું છે. આ મામલે અગાઉ ઝઘડિયા મામલતદાર, GPCBની અંકલેશ્વર કચેરી, નાયબ કલેક્ટર, ઝઘડિયા પોલીસ, તાલુકા ખેતીવાડી અધિકારી, બાગાયત કચેરી ભરૂચ, જિલ્લા સ્વાગત કાર્યક્રમ તેમજ કલેક્ટર સમક્ષ લેખિત રજૂઆતો કરાઈ હતી. જિલ્લા સ્વાગત કાર્યક્રમ દરમિયાન GPCB દ્વારા નુકસાન અંગે હકારાત્મક અહેવાલ અપાવા છતાં ખેડૂતોને વળતર મળ્યું નથી. આવેદનપત્રમાં વધુમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, કંપનીના પ્લાન્ટ વિસ્તારમાંથી પસાર થતી કરજણ કેનાલ યોજનાની અંડરગ્રાઉન્ડ પાઈપલાઈનને નુકસાન પહોંચાડી તેના ઉપર ગેરકાયદે બાંધકામ કરવામાં આવ્યું છે. ઉપરાંત સરકારી જમીન પર પણ દબાણ કરવામાં આવ્યું હોવાનું ખેડૂતોએ જણાવ્યું છે.

# સંસદમાં ભગવા વસ્ત્રો-સંતોના અપમાન સામે ભરૂચમાં વિરોધ

**સનાતન** સંત સમાજે કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું




ભરૂચ: સંસદમાં ભગવા વસ્ત્રો અને સંતોના અપમાન સામે ભરૂચમાં સંતોએ વિરોધ કર્યો હતો. સંસદ પરિસરમાં સનાતન સંસ્કૃતિ અને સાધુ-સંતોના કથિત અપમાનના વિરોધમાં ભરૂચમાં સનાતન સંત સમાજ દ્વારા ગુરુવારે ભવ્ય પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. નર્મદા એપાર્ટમેન્ટ સ્થિત સંકટ મોચન હનુમાન મંદિરથી શરૂ થયેલી આ વિશાળ રેલી કલેક્ટર કચેરી સુધી પહોંચી હતી, જ્યાં સંતો અને શ્રદ્ધાળુઓએ સૂત્રોચ્ચાર કરી રાષ્ટ્રપતિને સંબોધતું આવેદનપત્ર સુપરત કર્યું હતું. આવેદનપત્રમાં રાજકીય નેતાઓ દ્વારા કરાયેલા કથિત કૃત્યથી કરોડો સનાતનીઓની ધાર્મિક લાગણી દુભાઈ હોવાનો આક્ષેપ કરાયો છે. સંત સમાજે દોષિતો સામે કડક કાર્યવાહીની અને આર્થિક નુકસાનની ભરપાઈની માંગ કરી હતી. સાથે જ, જો વહેલી તકે પગલાં નહીં ભરાય તો આગામી સમયમાં ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

## ભરૂચમાં કાર અડફેટે બાઈક સવાર ઘાયલ

ભરૂચ: ભરૂચના તવરા રોડ પર આવેલા ગોલ્ડન કોમ્પ્લેક્સ નજીક દહેજની કંપનીમાં એન્જિનિયર તરીકે ફરજ બજાવતા તુષાલભાઈ પટેલની મોટરસાઈકલ નં.(GJ-05-GL-1860)ને કાર નં.(GJ-06-DD-7380)ના ચાલકે ટક્કર મારી હતી. આ અકસ્માતમાં તુષાલભાઈને સારવાર અર્થે સુરતની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર બાદ કાર ચાલકે હોસ્પિટલનો ખર્ચ આપવાની ના પાડતાં પીડિત પરિવારે ભરૂચ સી-ડિવિઝન પોલીસ મથકે કાર ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### મઢીની Nikkiz Magic કંપનીને આંતરરાષ્ટ્રીય એવોર્ડ



બારડોલી: મઢીથી શરૂ થયેલી Nikkiz Magic કંપનીએ Plant Based Superfood અને Health તેમજ Wellness ક્ષેત્રે સાત વર્ષની મહેનત બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે મોટી સિદ્ધિ હાંસલ કરી છે. તાજેતરમાં નેપાળના કાઠમંડુ ખાતે યોજાયેલા International AYUSH Conclaveમાં કંપનીને પ્રતિષ્ઠિત Best Enterprise Awardથી સન્માનિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ભારત સહિત પચીસથી વધુ દેશોના ડોક્ટર્સ અને નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા. કંપનીના સ્થાપક નિક્કી પટેલની દૃઢ મહેનત, ઉચ્ચ ગુણવત્તાવાળી પ્રોડક્ટ્સ અને રિસર્ચ આધારિત અભિગમને આંતરરાષ્ટ્રીય મંચ પર નોંધપાત્ર પ્રશંસા મળી છે.

### ભૂંડ પકડવાના બહાને રેકી કરી ઘરફોડ ચોરી કરનાર ઝડપાયો




ભરૂચ: ભરૂચ એલસીબી પોલીસે નવી વસાહત વિસ્તારમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી કુખ્યાત સિકલીગર ગેંગના એક આરોપી શેરશીંગ સિકલીગરને સરભાણ ચોકડી પાસેથી ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી ચોરીની મોટરસાઇકલ, મોબાઇલ અને રોકડ સહિત કુલ રૂ.57,000નો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપી ભરૂચમાં ભૂંડ પકડવાના વ્યવસાય દરમિયાન રસ્તાઓથી પરિચિત થઈ પોતાના સાળા સાથે મળી બંધ મકાનોમાં ચોરી કરતો હતો. વડોદરા અને આણંદમાં પણ તેના વિરુદ્ધ અગાઉ ગુના નોંધાયેલા છે. પોલીસે પકડાયેલા આરોપીને આમોદ પોલીસને સોંપ્યો છે અને ફરાર સાળા ગબ્બરશીંગની શોધખોળ શરૂ કરી છે.

### અંકલેશ્વર GIDCમાં ગાંજા અને મેફેડ્રોન ડ્રગ્સ સાથે એક ઝડપાયો


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં ભરૂચ એસઓજી ટીમે બાતમીના આધારે તોરલ એપાર્ટમેન્ટના એક ફ્લેટ પર દરોડો પાડી મોહિતકુમાર રાજેશકુમાર પાલની ધરપકડ કરી છે. તપાસ દરમિયાન ફ્લેટમાંથી રૂ.૫૨,૨૫૦ કિંમતનો ૧.૦૪૫ કિલોગ્રામ ગાંજો, રૂ.૩૬,૦૩૦ કિંમતનું ૧૨.૦૧ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ અને એક મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૯૩,૨૮૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ ડ્રગ્સ મીથીલેશ અને દીપેશ પટેલ પાસેથી લાવ્યા હોવાનું ખૂલતાં બંનેને વોન્ટેડ જાહેર કરાયા છે. આ અંગે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### રાજપીપળામાં ભરતીમેળો યોજાયો


દીપલ સોની

રાજપીપળા: નારી વંદન ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત બેટી બચાવો બેટી પઢાવો યોજના હેઠળ જિલ્લા રોજગાર વિનિમય કચેરી તથા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના ઉપક્રમે નાંદોદના રાજપીપળા સ્થિત શ્રી રત્નસિંહજી મહિડા કોમર્સ કોલેજ ખાતે મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી કરાઈ હતી. વિવિધ સંસ્થાઓ દ્વારા ૧૦૦થી વધુ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

### નવા વાઘપુરાની આશ્રમશાળામાં કાર્યક્રમ


દીપલ સોની

રાજપીપળા: નારી વંદના ઉત્સવ અંતર્ગત મહિલા કર્મયોગી દિવસ નિમિત્તે નાંદોદના નવા વાઘપુરાની ઉત્તર બુનિયાદી આશ્રમ શાળા ખાતે ધોરણ-9થી 12ના વિદ્યાર્થીઓ માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મહિલા સુરક્ષા, બાળ સુરક્ષા જેવા વિષયો અંગે માહિતી અપાઈ હતી.